ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૨-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

આજની ઘડી રે રળિયામણી : એકાવન શક્તિપીઠો આપણા આંગણે

જગજ્જનની મા અંબા ગુજરાતની ઓતરાદી સરહદે આરાસુરમાં બિરાજે છે તે આ ભૂમિના પુણ્યનો પ્રતાપ છે. નર્મદે 'જય જય ગરવી ગુજરાત' જેવું ભૂમિ વંદનાનું ગીત રચ્યું ત્યારે પણ એમાં સૌથી પહેલો ઉલ્લેખ 'ઉત્તરમાં અંબા માતા'નો જ કર્યો હતો. શાસ્ત્રો કહે છે તે મુજબ દક્ષ પ્રજાપતિની ઈચ્છા વિરુદ્ધ એમની પુત્રી સતીએ સ્મશાનવાસી શિવનું વરણ કર્યું એથી દક્ષ નારાજ હતા. એમણે યજ્ઞમાં આખી દુનિયાને નોતરાં પાઠવ્યાં, ટાળ્યાં ફક્ત દીકરી-જમાઈને. પિયર જવા માટે નોતરાની જરૂર ન હોય એમ સમજી સતી શિવજીની ના ઉપરવટ યજ્ઞમાં હાજરી આપવા પહોંચ્યાં. ત્યાં બધાનું સન્માન કરનારા અભિમાની દક્ષે જમાઈને ટાળ્યા એથી વ્યથિત થઈ સતીએ યજ્ઞકુંડમાં જ પડતું મેલ્યું. એથી ક્રોધિત થયેલા શિવજીએ સતીનો દેહ ઊચકી તાંડવ નૃત્ય કર્યું. પૃથ્વી પર અને સમસ્તબ્રહ્માંડમાં હાહાકાર મચી ગયો એટલે કૃપાળુ જગત્પતિ વિષ્ણુ ભગવાને એમનું સુદર્શન ચક્ર ફેંકી સતીની કાયાના ટુકડા કર્યા ત્યારે શિવનો કોપ શમ્યો. સતીની કાયાના ટુકડા પૃથ્વી પર ઠેકઠેકાણે વેરાયા. જયાં જયાં એમનાં અંગ પડયાં ત્યાં શક્તિપીઠો સરજાઈ. ભારત વર્ષમાં કાશ્મીરથી કન્યાકુમારી અને ગોહાટીથી ગુજરાત પર્યંત આવી શક્તિપીઠો રચાઈ ગઈ છે. આસામ ગોહાટીમાં સતીની યોનિનો ભાગ પડયો એથી ત્યાં કામાખ્યા પીઠ બની. નૈનીતાલમાં નયન પડયું એટલે નૈનાદેવી પીઠ રચાઈ. બઝી જ શક્તિપીઠો પર્વતીય વિસ્તારોમાં પાંગરી છે. હિમાચલ પ્રદેશમાં ક્યાંક માતાનો હોઠ પડયો હોવાનું કહેવાય છે તો ક્યાંક ચરણ. માતાનું હૃદય આપણા આરાસુર- ગબ્બર પર પડયું, તેથી અંબાજી શક્તિપીઠ સમગ્ર દેશના શક્તિ પૂજકોની આસ્થાનું કેન્દ્ર બની ચૂક્યું છે. પોષી પૂનમના પ્રાગટ્ય મહોત્સવ પર, ભાદરવાની પૂનમે અને નવરાત્રી કે નવા વરસ નિમિતે અહીં શ્રદ્ધાળુઓનો મહેરામણ ઊમટે છે. સેંકડો માઈલની પગપાળા યાત્રા કરીને ભકતો માતાજી બાધા કરવા અને ધજા ચડાવવા પધારે છે. આ પુરાતન માતૃતીર્થમાં સમયાંતરે સુવિધાઓ વધતી રહી છે. અંબાજી ક્યારેક એક ડુંગર વચ્ચે વસેલું ગામડું હતું. દાંતાના રાજવી મંદિરનો વહીવટ સંભાળતા અને બલિ પણ ચઢાવતા. કાળક્રમે આ તીર્થધામ રાજય હસ્તક આવતાં હવે દેવસ્થાન ટ્રસ્ટનો વહીવટ બનાસકાંઠા જિલ્લા કલેકટર હસ્તક છે. મૂળ ચંત્રને યથા સ્થાને જાળવી રાખી મંદિરને વિશાળ સંકુલમાં ફેરવી દેવાયું છે. માતાજીનું પ્રગટ્ય સ્થાન ગબ્બર પર્વત પર છે. આ પર્વતની પ્રદક્ષિણા કરતાં કરતાં આદિ સ્થાને પહોંચતાં સુધી તમામ એકાવન શક્તિપીઠોનાં એક જ દિવસે દર્શન થઈ શકે એવી પુણ્યવંતી કલ્પના સાકાર થઈ રહી છે. મુખ્યમંત્રીશ્રી પોતે અઠંગ શક્તિપૂજક છે. ત્રણ દિવસના વિદિસરના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે મુખ્યમંત્રી પોતે પણ ઉપસ્થિત રહેવાના છે. એકી સાથે એકાવન શક્તિપીઠોના દર્શનનો લહાવો મળવાની શક્યતા ઊભી થતાં સ્વાભાવિક રીતે જ યાત્રાળુઓનો ધસારો વધશે. ગબ્બર પર જવા માટે તો ઉડન ખટોલાની વ્યવસ્થા છે, પરંતુ શ્રદ્ધાળુઓ ગબ્બરની પરિક્રમા કરતાં કરતાં આદિસ્થાન સુધી પગપાળા પહોંચવાનો અભિગમ અપનાવશે તો એ રીતે પ્રવાસન ઉદ્યોગને પણ વેગ મળશે અને વનવાસી પ્રજાને રોજીરોટી મળતી થશે. અંબાજી એ ગુજરાતનું શિરમોર તીર્થધામ છે. એને સોળે કળાએ વિકસાવવાના પુણ્યકાર્યમાં સામેલ મુખ્યમંત્રીશ્રી ગુજરાત સરકાર અને પવિત્ર તીર્થધામ વિકાસ બોર્ડના કર્ણધાર મહેન્દ્રભાઈ ત્રિવેદી સહિત બધા જ અભિનંદનના હકદાર છે. પ્રવાસન ઉદ્યોગનો તીર્થધામો સાથે વિનિયોગ આવકારદાયક છે પરંતુ તીર્થધામની મર્યાદાનો લોપ ન થાય એની પણ કાળજી એટલી જ જરૂરી છે. ગુજરાતની શાણી શક્તિ પૂજક પ્રજાને એ બધું શીખવવું થોડું પડે? તેજીને ટકોર પૂરતી ગણાવી જોઈએ. રાજપુરુષોને પણ એટલું જ જણાવવું પૂરતું થઈ રહેશે કે -

અન્ય ક્ષેત્રે કૃતં પાપં તીર્થ ક્ષેત્રે વિનશ્યાતિ,
તીર્થ ક્ષેત્રે કૃતં પાપં વજ્ર લેપો ભવિષ્યતિ...

તીર્થોને રાજકારણની 'ગંદકી'થી પણ મુક્ત રાખીએ તે જરૂરી.

વર્ગો ઘટતા ૧૯૯૮ પછી નિમાયેલ શિક્ષકોને છુટા નહીં કરાય

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળના હોદ્દેદારોની શિક્ષણ મંત્રી સાથે મુલાકાત : અન્ય પડતર પ્રશ્નોના સત્વરે ઉકેલની બાંહેધરી

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શક્ષણ સંઘ મહામંડળના નવા ચુંટાયેલા હોદ્દેદારોએ આજે રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન શિક્ષણમંત્રીએ મહામંડળના હોદ્દેદારોને વર્ગો ઘટતા ૧૯૯૮ પછી નિયુકત થયેલા શિક્ષકોને જયાં સુધી રક્ષણની નીતિ ના બને ત્યાં સુધી છુટા નહીં કરાય તેવી બાંહેધરી આપી હતી.

શિક્ષણ મંત્રીએ મહામંડળને જણાવ્યું હતું કે હાલ શિક્ષકોને રક્ષણ આપવાની નિતી બનાવી રહી છે તે દરમિયાન વર્ગ ઘટતા રાજયમાં કોઈ પણ શિક્ષકને છુટો નહીં કરાય. જિલ્લા શિક્ષણાધિકારીની મીટીંગમાં કમિશનર દ્વારા સુચના આપેલ છે કે જયાં સુધી રક્ષણની નિતી ન બને ત્યાં સુધી ૧૯૯૮ પછી નિમાયેલ શિક્ષકોને છુટા ન કરતા નિર્ણય પેન્ડીંગ રાખવો. શિક્ષણમંત્રીએ આ દરમિયાન શિક્ષકો કોઈ લેતી દેતીમાં ન પડે તે માટે સંઘોએ જણાવવું તેવું સુચન પણ કર્યું હતું.

આ ઉપરાંત આ મીટીંમાં શિક્ષણ મંત્રીએ જિલ્લા શિક્ષણાધિકારી પાસેથી મંગાવેલ માહિતીના આધારે જે શિક્ષકોએ સી.સી.સી.ની પરીક્ષા આપવાની બાકી છે અને બાંયેધરી આપીને ઉચ્ચતર પગારનો લાભ લીધેલ છે તેના આધારે સી.સી.સી.ની પરીક્ષા આપવાના કેન્દ્રો વધારવાની ખાત્રી આપી હતી.

વધુમાં આ મુલાકાત દરમિયાન શિક્ષમમંત્રીએ મહામંડળને મેડીકલ એલાઉન્સ વધારીને રૂ. ૩૦૦ કરવા અંગે, એલટીસીની દસ દિવસની રજાનું એન્કેશમેન્ટ, ઉચ્ચતર શિક્ષકો અને આચાર્યોમાટેએન્ટ્રીલેવલ પેસ્કેલ વગેરે પડતર પ્રશ્નોની ફાઈલો નાણાં વિભાગની મંજુરી અર્થે મોકલી આપેલ છે જેનો ટૂંક સમયમાં ઉકેલ આવી જશે તેવી હૈયાધારણ પણ આપી હતી.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કુટુંબનિયોજનનું મહત્વને જાણકારીનું વ્યાખ્યાન

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સમાજશાસ્ત્રમાં અભ્યાસ વિદ્યાર્થીઓ માટે વસ્તી અને સમાજ અન્વયે કુટુંબ નિયોજનનું મહત્વ અને જાણકારી અંગે સ્ત્રી રોગોના નિષ્ણાત ડૉ. નિશાબેન ગોસ્વામીએ પોતાની શૈલીમાં સમજ આપી હતી. વિવિધ પદ્ધતિઓની જાણકારીને માર્ગદર્શન આપ્યું હતું. સમાજશાસ્ત્ર પ્રા. સોનલ મોદી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ પ્રોત્સાહન આપ્યું હતું.

માધ્યમિક શાળાઓમાં આજથી ધો-૯ વિદ્યાર્થી માટે ગુણોત્સવ

બોર્ડ પરીક્ષા આડે માત્ર ૩૦ દિનનો સમય બાકી છે છતાં અનેક વિષયોના કોર્સ બાકી : ગુણોત્સવની પણ જફા આવી

અમદાવાદ, તા.૧૨

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સૌ પ્રથમવાર ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે ગુણોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ આવતીકાલથી રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને અર્ધસરકારી શાળાઓમાં થવા જઈ રહ્યો છે. જો કે બોર્ડ પરીક્ષાને આડે માત્ર ૩૦ દિવસનો સમયગાળો બાકી છે અનેક વિષયોનો કોર્ષ અધુરો છે ત્યારે જ ગુણોત્સવની જફા આવી પડતાં કરીને શિક્ષકોમાં કચવાટ જોવા મળી રહ્યો છે.

પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવના ચાર તબક્કા પૂર્ણ થવા છતાં પ્રાથમિક શિક્ષણમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી ત્યારે માધ્યમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા આવતીકાલથી રાજયની તમામ માધ્યમિક શાળાઓમાં ગુણોત્સવની શરૂઆત થઈ રહી છે. ગુજરાતી માધ્યમની ઈન્ડેક્ષ નંબર ધરાવતી તમામ સરકારી શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ આદર્શનિવાસી શાળાઓ આરએસએમએસ શાળાઓ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, ગુજરાતી અને અંગ્રેજી વિષય માટે ગુણોત્સવ ૨૦૧૪નું શિક્ષણ વિભાગ દ્વારા આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલે ત્રણ વિષય ગુજરાતી, અંગ્રેજી અને ગણિત વિષયની પરીક્ષા લેવામાં આવશે જ્યારે શુક્રવારે બે વિષય વિજ્ઞાન અને ટેકનોલોજી અને સામાજીક વિજ્ઞાનની પરીક્ષામાં લેવામાં આવશે. ધોરણ-૯ના તમામ વિદ્યાર્થીઓની આ પરીક્ષા લેવી ફરજીયાત છે. શિક્ષણ બોર્ડનો દાવો છે કે આ ગુણોત્સવના કારણે વિદ્યાર્થીઓના અધ્યયન સ્તરને અસરકર્તા પરીબળો, અધ્યયન સ્તર સુધારણા માટેના સૂચનો, વિષય શિક્ષકોની વિવિધ માહિતી પરથી તેમની કામતાની વિદ્યાર્થીઓના પ્રદર્શન પર અસર વગેરેનું પૃથ્થકરણ અને તેના આધારે ઉપચારાત્મક કાર્યક્રમો અને તાલીમો ગોઠવી શકાશે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને રાજયની સરકારી, બીન સરકારી ગ્રાન્ટેડ અને નિર્ભર તેમજ અન્ય તમામ પ્રકારની શાળાઓને આ ગુણોત્સવ કાર્યક્રમનો ફરજીયાત અમલ કરવા માટે બોર્ડ દ્વારા સુચના અપાઈ છે. ગુણોત્સવ સંદર્ભે બોર્ડ દ્વારા શાળાઓને પરીક્ષા સંચાલન, ઓનલાઈન ડેટા એન્ટ્રી અને કાર્યપદ્ધતિ અંગે નિષ્ણાંતો મારફતે બાયસેગ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

જે.એમ. ચૌધરી વિદ્યાલયને નેશનલ જુડો સ્પર્ધામાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ

ગાંધીનગર, તા. ૧૨

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ચાર વિદ્યાર્થીનીઓને નેશનલ જુડોમાં ભાગ લીધો હતો. જેમાં ચૌધરી રોશન પી. ગોલ્ડ મેડલ, ચૌધરી રીકલ સિલ્વર મેડલ, ચૌધરી લલિતા કે સિલ્વર મેડલ, ચૌધરી જૈમિની એ. બ્રોન્ઝ મેડલ મળ્યા છે. આચાર્ય સંતોકબેન તથા ટ્રસ્ટીગણે અભિનંદન પાઠવેલ છે.

ચૌધરી વિદ્યાલયે ફેડરેશન હોકી નેશનલમાં ગોલ્ડ મેડલ જીત્યો

ગાંધીનગર, તા. ૧૨

શ્રી જે.એમ. ચૌધરી વિદ્યાલયે ફેડરેશન હોકી નેશનલમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે. ૧૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. તેમાં તમામ બહેનોએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે.

ચૌધરી જાનુ વિક્રમભાઈ, પટેલ અપેક્ષા યોગેશભાઈ, ચૌધરી ફોરમ, ચૌધરી હિરલ, ચૌધરી સોનલ, ચૌધરી સંગીતા, ચૌધરી જયોત્સના, રાણા જનક કનુભા, વસૈયા ખુશ્બુ, દામા હિતાવી, ચૌધરી કાજલ, ચૌધરી ધરતી, મિરબા સલીમભાઈ, ચૌધરી તત્વ દર્શના ભાગ લીધો હતો. આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવેલ હતા.

જ્ઞાન જયોત દ્વારા સમાજલક્ષી કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

જ્ઞાન જયોત માસિક દ્વારા સામાજિક સેવા કાર્યોનું આયોજન કરેલ છે. તા. ૨૫મી મેના રોજ અમદાવાદ સરસપુર ડૉ. આંબેડકર હોલમાં પરિવારની પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવશે. તા. ૮મી જૂનના રોજ ચોપડા, નોટબુકનું વિતરણ કરાશે. તા. ૨૬ જૂને ૧૬મા પસંદગી મેળાનું આયોજન કરાશે. મારા રૂદિયાના સ્વામી જાગા સ્વામી વિશે ફિલ્મ બનાવાશે.

હરિની દૃષ્ટિ...

તારી પાસે દીલ જેવું કાંઇ લાગતું નથી, વેલેન્ટાઇન ડેમાં નહીં ચોકલેટ નહી ગીફ્ટ ખાલી એક ગુલાબ !!

ડો. ચિનુ મોદીના સર્જન વિશે રાષ્ટ્રિય પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત સાહિત્ય અકાદમી અને અસાઈત સાહિત્ય સભાના સંયુકત ઉપક્રમે મહેસાણા ખાતે ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ અને નાટયકાર ડૉ. ચિનુ મોદીના સર્જન વિશે બે દિવસનો રાષ્ટ્રિય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

અસાઈત સાહિત્ય સભા સમાજ જીવનના સંસ્કાર ઘડતરની પ્રવૃત્તિ જેવી કે નૃત્ય, નાટક, સંગીત અને સાહિત્ય જેવી પ્રવૃત્તિઓ સમગ્ર ગુજરાતમાં છેલ્લા ચાલીસ વર્ષથી કરી રહી છે ત્યારે મહેસાણા ખાતે ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ અને નાટયકાર ડૉ. ચિનુ મોદીના સર્જન વિશે બે દિવસનો રાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ડૉ. અનિલ નાયક, ડૉ. દેવચંદ યોગી, હર્ષદ ત્રિવેદી, દિલીપભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ચિનુ મોદીની ઉર્દુ-ગુજરાતી ગઝલોનો કાવ્યપાઠ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રિ. ઘનશ્યામ ગઢવી અને પ્રા. વિમલ વૈદ્યે કર્યું હતું.

સંસ્કાર જ જીવનમાં શાંતિ પમાડે છે : આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી

ગાંધીનગર જિલ્લાના કડી ખાતેના સ્વામિનારાયણ મંદિરમાં ૯૫મો પાટોત્સવ ભારે ઉત્સાહપૂર્વક યોજાયો હતો. આ ઉત્સવમાં મણીનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી ઉપસ્થિત રહ્યા હતા. ત્રિદિવસીય આ કાર્યક્રમમાં આધ્યાત્મક શિબિર સંસ્કાર સિંચનવેલી તેમજ ઘનશ્યામ મહારાજને પંચામૃત અભિષેક વગેરેનું આયોજન કરાયું હતું.

મણીનગર સ્વામિનારાયણ સંસ્થાનના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજીએ આ પ્રસંગે આશિર્વચન આપતા આધ્યાત્મિક માર્ગને જીવનનો ઉન્નતિનો માર્ગ જણાવ્યો હતો તેમજ મનુષ્ય માત્ર માટે આ માર્ગ અનિવાર્ય જણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે મનુષ્ય શાંતિ માટે ભટકે છે પરંતુ સંસ્કાર જ શાંતિ પમાડે છે અને આત્મચિંતનમાં જીવાત્માને સુખ અને શાંતિ મળે છે. તેમણે મનની શાંતિ માટે ધ્યાન એકાગ્રવૃત્તિની અનિવાર્યતા જણાવી હતી તેમજ સત્ય, વ્યસન મુક્તિ અને પ્રમાણિકતાની ત્રિવેણીને જીવનમાં પ્રાથમિક જરૂરિયાત ગણાવી હતી.

કડીના સ્વામિનારાયણ મંદિરમાં યોજાયેલ આ ૯૫મા પાટોત્સવમાં અમેરિકા, યુકે અને નાઈરોબીથી આવેલા ભકતો સહિત સ્થાનિક ધર્મપ્રેમી જનતાએ ઉત્સાહથી ભાગ લીધો હતો.



પ્રેમના અંકુર તો ગમે ત્યારે ફૂટી શકે... લાગણી અને સંવેદના વ્યકત કરવા માટે કોઈ એક તારીખ થોડી હોય?

સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

૧૪મી ફેબ્રુઆરી એટલે 'વેલેન્ટાઈન ડે', જેનો ઈન્તેજાર યુવાન હૈયાઓ આતુરતાથી કરી રહ્યા હોય છે. વેલેન્ટાઈન ડે ની શરૂઆત ઈન્ડિયામાં લગભગ ૧૯૯૨થી શરૂ થઈ પણ દુનિયાના લગભગ બધા જ દેશોના ચર્ચમાં વેલેન્ટાઈન ડે ઉજવાય છે. સામ્યવાદી ચીન કે ઈરાન જેવા કટ્ટરપંથી દેશોમાં પણ યુવાનો આ ડેને શાનદાર રીતે ઉજવે છે. વેલેન્ટાઈન ડે એટલે મનગમતા પાત્રને દિલની વાત કહી દેવાનો અવસર. એનો સ્વીકાર થાય તો ભયો ભયો, જાણે જિંદગી તરી ગયા અને અસ્વીકાર થાય તો એ જ પ્રેમ નફરત અને ધિક્કારમાં પલટાઈ જાય છે. પ્રેમ એટલે પ્રેમ તેમાં ધિક્કાર કે ફિટકારને સ્થાન જ કેવી રીતે હોય? તમે કોઈ વ્યકિતની વિશેષ પ્રતિભાથી આકર્ષાયા હોય, તેના પ્રત્યે મમતા કે લાગણીની સંવેદના જાગી હોય તેમાં ફક્ત કોઈના ઈન્કારથી ઓટ કેવી રીતે આવી શકે? પ્રેમના બદલામાં પ્રેમ એ તો વ્યાપાર થયો, પ્રેમમાં તો સમર્પણ હોય, સ્વાર્પણ હોય, ત્યાગ હોય. પ્રેમ કંઈ બદલાનો મોહતાજ થોડો હોય? આ પ્રેમ વ્યકત કરવા માટે ૧૪મી ફેબ્રુઆરીની રાહ જોવાની? પ્રેમના અંકુર તો જમે ત્યારે ફૂટી શકે. લાગણી અને સંવેદના વ્યકત કરવાના કંઈ ચોઘડીયા જોવાના હોય? તે ગમે ત્યારે વ્યકત થઈ શકે. તેને ચોક્કસ દિવસની જરૂર કેમ પડે? પ્રેમ કદી વ્યક્તિત્વ કે વૈભવની પરવા કરતો નથી. પ્રેમને વિદ્વતા કે સુંદરતાની પણ કોઈ પરવા નથી. પ્રેમની કોઈ ચોકસ પરિભાષા પણ નથી. એ તો મૌન રહીને પણ ઘણું બધું કહી જાય છે. કોઈ કવિએ અમસ્તુ નથી કહ્યું...

જુબા ખામોશ રહતી હૈ, નજર સે કામ હોતા હૈ,
શાયદ ઈસી મુકદર કા મહોબત નામ હોતા હૈ..

પ્રેમ સાપેક્ષ છે. દરેક વ્યક્તિની પ્રેમની પરિભાષા અલગ હોય છે. બંનેના વિચારોમાં ભિન્નતા હોઈ શકે. બંનેની અપેક્ષા પણ જુદી હોય અને છતાં બંને વચ્ચે પ્રેમનો છોડ વિકસતો જ રહે એવું સમાજમાં અકસર બનતું હોય છે. પ્રેમ વ્યકત કરવા માટે હિંમત અને બેપરવાઈ જરૂરી છે. પ્રેમને વ્યકત કરવાની હિંમતનો અભાવ હોય તો તમારા પ્રેમનો છોડ અકાળે મુરઝાઈ જાય છે. વેલેન્ટાઈન ડે યુવાનોને આ તક પૂરી પાડે છે. બસ પ્રેમને વ્યકત થવા દો. પ્રેમને સમજવા માટે સાહિત્યનો સહારો લેવાની જરૂર નથી એ તો રૂટિન પ્રક્રિયા છે. ક્યારેક તો આ પ્રેમની પરિભાષા બે વ્યક્તિ સિવાય કોઈ સમજી શકતું નથી. પ્રગટે, પાંગરે અને છોડમાંથી વટ વૃક્ષ બની જાય ત્યાં સુધી કોઈ જાણી શકતું નથી. ફક્ત ચહેરા પરનું સ્મિત કે આંખોના ઈશારાથી પ્રેમનો ઈતિહાસ લખાઈ જાય છે છતાં સૌ અજાણ રહે તેનું નામ પ્રેમ.... પણ આપણે તો આ પ્રેમ વેલેન્ટાઈન કાર્ડ કે ગુલાબ પુરતો સીમિત રાખીએ છીએ। પ્રેમ એક જવાબદારી છે, એક બંધન છે. પ્રેમ માનસિક અને વૈચારિક ઉંચાઈ પરથી વહે છે. પ્રેમ થતા તો થઈ જાય પણ એને નિભાવવો બહુ કપરો છે . જે પ્રેમ નથી શકતા નથી તે કેનાલમાં ભુસકા મારે છે. કાં તો દુપટ્ટાથી બંધાઈ સાથે ઝેર પી લે છે. પરાણે પ્રિત થઈ શકતી નથી. પરાણે કરાવો પ્રેમ કોઈની જિંદગી બરબાર કરી નાખે છે. કાં તો ચહેરા પર એસિડ છંટાય છે કે તેની હત્યા કરાય છે. સીનેમા કે ટીવી સીરીયલોમાં બતાવાતા પ્રેમે તો પ્રેમની વ્યાખ્યા જ બદલી નાખી છે અને તેનું અનુકરણ કરીને યુવાનોએ પ્રેમને બદનામ કરી નાખ્યો છે. આ બધા પ્રશ્નો એટલા માટે ઉદ્‌ભવે છે કે આજે યુવાનોમાં પ્રેમનો ઉન્માદ જાગ્યો છે, એક પાગલપન જાગ્યું છે. વેલેન્ટાઈન ડેની ઉજવણી એટલે હું પણ પ્રેમ કરી શકું છું. મને પણ કોઈ ચાહનાર છે એવો મિથ્યા આડંબર કરી મનને પરાણે પ્રફુલ્લિત રાખવાનો એક અઘકચરો પ્રયાસ છે. ઈતિહાસના પાને નોંધાયેલા અમર પ્રેમીઓએ ક્યાંય પ્રેમની ધજાઓ ફરકાવી નથી કે ગ્રેટીંગ્સની આપ લે કરી નથી.

હકિકત એ છે કે બે પાત્રો મળે, એકબીજાની રીતભાત, કોઈ સારું વર્તન, પોષાક, કોઈ ચાલ, કોઈ ટેલેન્ટ, કોઈ બુદ્ધિગમ્ય વ્યવહાર, ચહેરાનું લાવણ્ય કે જબાનની મીઠાશ ગમી જાય અને ધીમે ધીમે એકબીજાને મળવાની, વાત કરવાની કે દૂરથી પણ એકબીજાને જોઈ ખુશ થવાની અથવા જાણે અજાણે સ્પર્શ કરવાની જિજ્ઞાસા જાગે ત્યારથી પ્રેમના અંકુરો ફૂટે છે અને પછી તેમાં વાતચીત કે મિલન મુલાકાત દ્વારા એકબીજાનું સતત ચિંતન થતું રહે અને એમ કરતાં કોઈ નાજુક પળે એકબીજાની નજીક આવી જવાય. હૃદયના ધબકાર અને શ્વાસોશ્વાસ ટકરાય સમગ્ર શરીરમાં એવી લાગણી અનુભવાય જેનું શબ્દોમાં વર્ણન ન થઈ શકે. બસ એ જ તમારો વેલેન્ટાઈન ડે. પછી તો પ્રેમીની પ્રત્યેક વસ્તુ ગમવા માંડે તેની ફુટેવો પ્રત્યે દુર્લક્ષ લેવાય. તેના પ્રત્યેક વ્યવહારમાં પ્રમાણિકતાની સુગંધ આવે તેના છણકામાં મીઠાસનો અહેસાસ થાય તેના તિરસ્કારમાં હૈયાને હાશકારો પ્રાપ્ત થાય અને ફરી ફરી એના જ વિચારોમાં મન અટવાયા કરે. ન રહે સમયની ચિંતા, ન રહે સમાજનું ભાન, દુનિયાના તમામ સુખ-દુઃખ લાગણી અને મમતાનું કેવું તમારા પ્રિય પાત્રની આસપાસ જ દેખાય એનું નામ પ્રેમ. અને એ તમારો વેલેન્ટાઈન ડે. પછી એને વ્યકત કરવાની ક્યાં જરૂર છે? કોઈના કેહવાથી પ્રેમ થાય નહિ કોઈને પ્રેમ કરવા માટે જબરજસ્તી પણ થઈ ન શકે. અને છતાં જીવનમાં પ્રેમ જરૂરી તો છે જ. પછી એ પ્રિયત્ર ગમે તે હોઈ શકે. આજનો પ્રેમ એ પ્રેમ કરતાં રોમાન્સ વધારે હોય છે માટે જ ઝાઝું ટકતો નથી. તેમાં ઉંડાણ હોતું નથી માત્ર છબછબીયા હોય છે. એ છબછબીયા કરવા માટેજ ૧૪મી ફેબ્રુઆરીની રહા જોવી પડે છે.

આપણને પ્રેમ કરતાં તેના પ્રદર્શનમાં વધુ ઈન્ટરેસ્ટ છે. વેલેન્ટાઈન ડે ના દિવસે કરાતો પ્રેમએ દેખાદેખીનો પ્રેમ છે. ઉછીના બાઈક, ઉછીના પેટ્રોલ, મફતીયા બગીચા, ઉછીની ઝાકમઝોળ આ તે કંઈ વેલેન્ટાઈન ઉજવવાના તરીકા છે? આવા પ્રેમ નિષ્ફળ જાય પછી કોઈના જીવતર જોખમાય છે. કોઈની જવાની નંદવાય છે. આયુષ્ય સામે પ્રશ્નાર્થ ખડા થાય છે.

મિત્રો, વેલેન્ટાઈન ડે ઉજવવો એ તમારો અધિકાર છે. એ અધિકાર કોઈ છીનવી શકે નહીં. પણ બે દિલો હઝારો માઈલ દૂર હોય અને છતાં એકની વેદના બીજાની સંવેદના બની જાય એકની પીડા બીજાને વ્યાકુળ બનાવી દે. વગર બોલ્યે કે ગિફ્ટની આપલે કર્યા વગર દિલના સૂક્ષ્મ તરંગો પ્રિયપાત્રના દિલમાં અસર કરી જાય અને એક છુપો સંદેશ અનાયાસે પહોંચી જાય ત્યારે સમજ જો તમારો વેલેન્ટાઈન ડે ઉજવાઈ ગયો. આવો પ્રેમ ગમે તેવા ઝંઝાવાતોમાં ટકી રહે છે એના માટે વેલેન્ટાઈન ડે નું કોઈ મહત્વ નથી. એના માટે એક વર્ષમાં ૩૬૫ વેલેન્ટાઈન ડે આવે છે. આપણે ભલે સંબંધોના જંગલમાં અટવાયા હોઈએ પણ કોઈ એક વ્યક્તિની યાદ તમારા તન મનને તરબતર કરી દે અને દુનિયાના તમામ દુઃખોને ભુલાવી દે એ વ્યક્તિ તમારો વેલેન્ટાઈન એ ચાહે તમારી પાસે હોય કે હજારો માઈલ દૂર એમાં ફેર ક્યાં પડે છે?